એપ્રિલ 2020

# કોવિડ 19 / કોરોનાવાઈરસ - ઘરેલૂ અત્યાચાર, જાતિય હિંસા, તેમજ લિંગ આધારિત અન્ય પ્રકારની હિંસા

## તમે કેવી રીતે મદદ કરી શકો?

## મિત્રો, કુટુંબીજનો, પાડોશીઓ તેમજ સમાજનાં સભ્યો માટે સલાહ.

કોવિડ 19ની કટોકટી દરમ્યાન ઘરેલૂ અત્યાચાર, જાતિય હિંસા તેમજ લિંગ આધારિત અન્ય પ્રકારની હિંસામાં વધારો થશે. દરેક જણ માટે ઘર સલામત સ્થળ નથી હોતું, અને આપણી અગત્યની સેવાઓ દબાણ હેઠળ છે. મિત્રો, કુટુંબીજનો, પાડોશીઓ અને સમાજનાં સભ્યો તરીકે, તમે તે સર્વાઈવરો (તેમાંથી બચનારાં લોકો) માટેની અગત્યની જીવાદોરી બની શકો છો. તે સર્વાઈવરોને આપણે જાણ કરવી જ જોઈએ કે તેઓ એકલાં નથી. આપણે એ સંદેશો સ્પષ્ટપણે મોકલાવવાનું પણ એટલું જ અગત્યનું છે કે અત્યાચાર કરવાનું કોઈ જ બહાનું નહિ ચાલે.

આ કટોકટીના કાળ દરમ્યાન સમાજોની એકઠાં મળવાની શક્તિ આપણે જોઈ ચૂક્યાં છીએ. અમે જાણીએ છીએ સર્વાઈવરોને ટેકો આપવા માટે તમારામાંથી ઘણાં લોકો હજુ વધારે મદદ કરવા માગે છે. આ કઈ ઉત્તમ રીતે કરી શકાય તે માટેની કેટલીક પાયાની માર્ગદર્શિકા અમે અહીં જણાવી છે.

એ હંમેશાં યાદ રાખવાનું અગત્યનું છે કે સર્વાઈવરો તેમના પોતાના જીવન વિશે ઉત્તમ રીતે જાણે છે.

---

## લિંગ આધારિત હિંસા અને અત્યાચાર કેવી જુદા જુદા પ્રકારે કરવામાં આવે છે?

- જાતિય હિંસા, અત્યાચાર અને શોષણ;
- ઘરેલૂ અત્યાચાર જબરજસ્તીપૂર્વકના નિયંત્રણ સહિત;
- ફીમેલ જેનિટલ મ્યૂટીલેશન;
- જબરજસ્તીપૂર્વક કરાતાં લગ્ન;
- કહેવાતી 'માન' પર આધારિત હિંસા;
- પીછો કરવો;
- માનવ હેરફેર.

## એકમાંથી બીજાની શરૂઆત થાય તેવા પ્રકારના જુલમ

આ પ્રકારના અત્યાચારનો અનુભવ કરતાં લોકોને અનેક પ્રકારનાં જુલમોનો સામનો કરવો પડે એવું બને. જુદા જુદા પ્રકારના જુલમોની કોઈ વ્યક્તિ કેવી રીતે અત્યાચારનો ભોગ બને છે અને તેમને કેવી રીતે ટેકો મળે છે તેના પર અસર પડે છે. તે એકબીજાની સાથે જોડાય છે ('એકમાંથી બીજાની શરૂઆત કરે છે') અને તેમાં **લૈંગિક ભેદભાવ, વર્ણભેદ, હોમોફોબિઆ, ટ્રાન્સફોબિઆ** તેમજ **અસમર્થ લોકો સામેના ભેદભાવનો** સમાવેશ થાય છે.

નીચે જણાવેલાં લોકોના અનુભવો તેમજ તેમને નડતા વધારાના અંતરાયો વિશે બહેતર સમજણ મેળવવા માટેઃ

- સ્થળાંતર કરીને આવેલ સ્ત્રીઓ – અહીં ક્લિક કરો.
- લેસ્બિયન, ગે, બાય-સેક્સ્યુઅલ અને ટ્રાન્સજેન્ડર (LGBT) સર્વાઈવરો – અહીં ક્લિક કરો.
- કાળા અને લઘુમતી સમાજની સ્ત્રીઓ – અહીં ક્લિક કરો.
- ડિસેબલ્ડ સર્વાઈવરો – અહીં ક્લિક કરો.
- બધિર સર્વાઈવરો – અહીં ક્લિક કરો.
- એક કરતાં વધારે ગેરફાયદાનો સામનો કરી રહેલી સ્ત્રીઓ – અહીં ક્લિક કરો.
- યુ.કે.માં સ્ત્રીઓ અને છોકરીઓ સામેની હિંસાની વ્યાપકતા – અહીં ક્લિક કરો.

## કોવિડ 19ની અસરો

અત્યાચારનો અનુભવ કરી રહેલાં લોકો માટે કોવિડ 19ની અસરો વિશે અમને શા માટે ચિંતા છે? – અહીં ક્લિક કરો.

## ભોગ બનતા પુરૂષો

ઘરેલૂ અત્યાચારની અસર પુરૂષો પર પણ થઈ શકે છે અને તેમના માટે સલાહ અને સહાયતા ઉપલબ્ધ છે. એ યાદ રાખવાનું પણ અગત્યનું છે કે સમ-લિંગી યુગલોમાં ઘરેલૂ અત્યાચારની વ્યાપકતા પણ વિષમ-લિંગી યુગલો જેટલા જ પ્રમાણમાં છે.  પુરૂષ સર્વાઈવરોને કેવી રીતે ટેકો આપવો તે વિશે સલાહ મેળવવા માટે – અહીં ક્લિક કરો, અથવા LGBT સર્વાઈવરો માટે – અહીં ક્લિક કરો.

## સામાન્ય માન્યતાઓ

ઘરેલૂ અત્યાચાર અને જાતિય હિંસા વિશે ઘણી માન્યતાઓ છે.  આમાં ભોગ બનનારી વ્યક્તિને દોષ દેવાતું નુક્સાનકારક વલણ, જેમ કે 'શા માટે તે પોતે જ જતી રહેતી નથી' અને એવાં સૂચનો કરવાં કે ભોગ બનતી વ્યક્તિનું વર્તન અત્યાચારને પ્રોત્સાહિત કરે તેવું હશે.  આપણા સમાજમાં આ માન્યતાઓને આપણે પડકારીએ તે અગત્યનું છે.

ઘરેલૂ અત્યાચાર અંગેની માન્યતાઓ વિશે વધારે જાણકારી મેળવવા, અહીં ક્લિક કરો.

જાતિય હિંસા અંગેની માન્યતાઓ વિશે વધારે જાણકારી મેળવવા અહીં ક્લિક કરો.

---

## તમે શું કરી શકો?

## ઈમર્જન્સીમાં

- ઈમર્જન્સી હોય તો સર્વાઈવરોને 999 પર કોલ કરવા પ્રોત્સાહિત કરો.
    - 999 પર કોલ કરી રહેલી વ્યક્તિ જો બોલી ન શકે તેવી સ્થિતિમાં હોય તો તે વખતે વપરાતી **સાઈલન્ટ સોલ્યુશન સિસ્ટમ** વિશે તેમને જાણ કરો.  વધારે માહિતી માટે અહીં ક્લિક કરો.
    - જો સર્વાઈવર પોતે બધિર હોય અથવા બોલીને વાતચીત કરી શકે તેમ ન હોય, તો તેમને **ઈમર્જન્સી ટેક્સ્ટ સેવા** વિશે જાણ કરો. માહિતી માટે - અહીં ક્લિક કરો.

- **જો કોઈ વ્યક્તિ ખતરામાં હોવાની તમને ચિંતા હોય, તો તમારે 999 પર કોલ કરવો જોઈએ.**
    - એ યાદ રાખવાનું અગત્યનું છે કે કોઈ વ્યક્તિ પર તેમના જીવનસાથી, ભૂતપૂર્વ જીવનસાથી, કુટુંબના સભ્ય અથવા કેરર દ્વારા અત્યાચાર કરવામાં આવતો હોઈ શકે.
    - અમે સમજીએ છીએ કે પાડોશીઓને કદાચ પોલીસને બોલાવવામાં અચકાટ થાય. એ યાદ રાખવાનું અગત્યનું છે કે તમારાં પગલાંથી તે વ્યક્તિને અગત્યની જીવાદોરી મળી શકે છે.
    - તમને કદાચ એ વાતની પણ ચિંતા હોય કે તમે પોલીસને અત્યાચારની જાણ કરી હોવાની ખબર જુલમ કરનાર વ્યક્તિને થઈ જશે તો શું થશે. ખાતરી કરો કે તમે તમારી પોતાની સુરક્ષા કરવાનાં પગલાં લો છો, અને જુલમ કરનાર વ્યક્તિને ક્યારેય પડકારશો નહિ.
    - તમે 101 પોલીસને ફોન કરીને પણ ગુનાની જાણ કરી શકો છો; અથવા ક્રાઈમ સ્ટોપર્સને 0800 555 111 પર બેનામી કોલ કરીને અથવા ઓનલાઈન ગુનાની જાણ કરી શકો છો.

**દરેક જણની રક્ષા કરવાની પોલીસની ફરજ છે. કોઈ પણ વ્યક્તિની સામે કોઈ પણ કારણોસર, તેમની ઈમિગ્રેશનની પરિસ્થિતિ સહિત, ભેદભાવ કરવામાં આવવો જોઈએ નહિ.**

---

## સંપર્કમાં રહો

- આ કટોકટીના સમય દરમ્યાન સંપર્ક જાળવી રાખવાના રસ્તા આપણે શોધી કાઢીએ તે અગત્યનું છે.  જો તમારાથી બની શકે, તો તમારા મિત્રો, કુટુંબીજનો તેમજ પાડોશીઓના નિયમિત સંપર્કમાં રહો, તેઓ કેમ છે તે પૂછતાં રહો.  મદદ

માગવા માટે આપણે સલામત સ્થાનો અને તકો ઊભી કરીએ તે અત્યંત આવશ્કય છે.

- એ યાદ રાખવાનું પણ અગત્યનું છે કે તેમનાં ઘર તેમના માટે સલામત સ્થળ નહિ હોવાને કારણે લોકડાઉનનાં પગલાં અમલમા હોવા છતાં અમુક લોકો બહાર જાહેર સ્થળોમાં હોઈ શકે છે - આમાં બાળકો અને યુવાન લોકોનો સમાવેશ થાય છે. સરકારે એ ચોક્કસ કર્યું છે કે **જો કોઈ અત્યાચારનો ભોગ બની રહ્યું હોય તો તેઓ મદદ માગવા માટે ઘર છોડીને નીકળી શકે છે.**

- આપણને જે પ્રવૃત્તિઓ કરવાની પરવાનગી મળેલી છે, દા.ત. ખોરાકી ચીજોની ખરીદી, તબીબી અપોઈન્ટમેન્ટો, આવશ્યક કામો અને કસરત વગેરે કરવા માટે બહાર નીકળ્યાં હોય તે દરમ્યાન મદદ માગવાની તકો સર્વાઈવરો શોધતાં હોય એવું બની શકે.

---

## કેવી રીતે પ્રતિસાદ આપવો

જો કોઈ તમને કહે કે તેઓ અત્યાચારનો ભોગ બની રહ્યાં છે, તો ખરેખર અગત્યનું છે કે તમેઃ

- કોઈ તમારા મનમાં કોઈ ચૂકાદો નક્કી કર્યા વગર તેમની વાત સાંભળો.
    - અત્યાચાર માટે તેમને ક્યારેય દોષ આપશો નહિ, જુલમ કરનારી વ્યક્તિના વર્તન માટે બહાનાં શોધશો નહિ, તેઓ શા માટે છોડીને નીકળી ગયાં નથી તે પૂછશો નહિ અથવા તેમને છોડીને નીકળી જવાનું કહેશો નહિ.
- તેમની વાત માનો.
- તેઓ તમને જે કહી રહ્યાં છે તેનો વિચાર કરો.
    - દાખલા તરીકે, 'સારું થયું તમે મને આ કહ્યું', 'આમાં તમારો વાંક નથી', 'તમે એકલાં નથી'.
- તેમને શેની જરૂર છે તે પૂછો અને તેઓ કહે તેમાંથી માર્ગદર્શન લો.
    - સર્વાઈવર હંમેશાં પોતાના જીવનના નિષ્ણાત હોય છે. ધીરજ રાખવાનું અને તેમની ગતિ મુજબ આગળ વધવાનું અગત્યનું છે.
- શક્ય હોય, તો નિષ્ણાતની સહાયતા કેવી રીતે મેળવવી તેની માહિતી તેમને આપો.
- શક્ય હોય, તો ફોન અથવા ઓનલાઈન તેમની સાથે સંપર્કમાં રહેવાનું કહો અને સૌથી સલામતીથી કેવી રીતે આ કરી શકાય તે તેમને કહો.

- જો સર્વાઈવર સાથે તમારા જૂના અને ભરોસાપાત્ર સંબંધો હોય - તો તમે તેમની સાથે કોઈ કોડવર્ડ (ખાનગી શબ્દ) નક્કી કરી શકો છો. જો તેમના વતી પોલીસ બોલાવવા માટે તમારી જરૂર પડે, તો તે વખતે આ કોડ વર્ડ વાપરી શકાય છે.

---

## તમારું પોતાનું ધ્યાન રાખો

આની તમારી પર શું અસરો પડી શકે તે ઓળખવાનું પણ અગત્યનું છે. બીજાંને સહાયતા કરતી વખતે તમારું પોતાનું ધ્યાન રાખવાનું અત્યંત અગત્યનું છે. બહુ વધારે પડતું હાથમાં ન લઈ લો કે તમારી જાતને જોખમમાં ન મૂકો - નિષ્ણાતોની સહાયતા મળી શકે છે.

---

## રાષ્ટ્રિય હેલ્પલાઈનો

મિત્રો, કુટુંબીજનો, પાડોશીઓ અને સમાજનાં સભ્યોને જો કોઈ વ્યક્તિ વિશે ચિંતા હોય તો તેઓ પણ રાષ્ટ્રિય હેલ્પલાઈન પર ફોન કરી શકે છે. બધી જ રાષ્ટ્રિય હેલ્પલાઈનો મફત છે અને જો અંગ્રેજી તમારી પહેલી ભાષા ન હોય, તો તેઓ દુભાષિયાની સેવાઓ પૂરી પાડી શકે છે.

**ઇંગ્લેન્ડ:**
**24 કલાકની નેશનલ ડોમેસ્ટિક અબ્યુઝ હેલ્પલાઈન**
0808 2000 247
બધિર અથવા સાંભળવાની તકલીફવાળાં લોકો આ હેલ્પલાઈન BT ટાઈપ ટોક સર્વિસનો ઉપયોગ કરીને વાપરી શકે છે.
તમે આ હેલ્પલાઈનનો ઓનલાઈન સંપર્ક પણ કરી શકો છો.

**રેપ ક્રાઈસિસ નેશનલ હેલ્પલાઈન - જાતિય હિંસા**
08088 029 999
દરરોજ બપોરે 12-2.30 અને સાંજે 7-9.30 સુધી ખુલ્લી હોય છે
0208 239 1124 પર મિનિકોમ દ્વારા મેળવી શકાય છે.

**કર્મા નિર્વાના - 'માન' - પર આધારિત કરવામાં આવતા અત્યાચાર અને જબરજસ્તીથી કરાતાં લગ્નો માટેની હેલ્પલાઈન**
0800 5999 247
તમે તેમનો ઓનલાઈન અહીં પણ સંપર્ક કરી શકો છો.

**નેશનલ લેસ્બિયન, ગે, બાય-સેક્સ્યુઅલ અને ટ્રાન્સજેન્ડર + ડોમેસ્ટિક અબ્યુઝ હેલ્પલાઈનઃ**
0800 999 5428
help@galop.org.uk

**પુરૂષ સર્વાઈવરો**
પુરૂષો માટેની એડવાઈઝ લાઈન
0808 801 0327
info@mensadviceline.org.uk

**વેલ્સઃ**
**સ્ત્રીઓ સામે કરવામાં આવતી હિંસા, ઘરેલૂ અત્યાચાર અને જાતિય હિંસા માટેની 24 કલાકની લિવ ફીઅર ફ્રી હેલ્પલાઈન**
0808 80 10 800
ટેક્સ્ટઃ 07800 77333
info@livefearfreehelpline.wale

**સ્કોટલેન્ડઃ**
**24 કલાકની ઘરેલૂ અત્યાચાર અને જબરજસ્તીથી કરાવતાં લગ્નો સામેની હેલ્પલાઈન**
0800 027 1234
તમે ટેક્સ્ટ રીલે સેવાનો ઉપયોગ કરીને હેલ્પલાઈનને કોલ કરી શકો છો
helpline@sdafmh.org.uk

**રેપ ક્રાઈસિસ સ્કોટલેન્ડ હેલ્પલાઈન**
08088 01 03 02
ટેક્સ્ટઃ 077537 410 027
support@rapecrisisscotland.org.uk

**નોર્ધન આયરલેન્ડઃ**
**24 કલાકની ડોમેસ્ટિક એન્ડ સેક્સ્યુઅલ વાયોલન્સ હેલ્પલાઈનઃ**
0808 802 1414
help@dsahelpline.org

---

## મિત્રો, કુટુંબીજનો અને પાડોશીઓ માટે ઉપયોગી સંસાધનો

અત્યાચારનો અનુભવ કરી રહેલ કોઈ વ્યક્તિને કેવી રીતે સહાયતા કરવી તેના વધારે ઉપયોગી સંસાધનો માટેઃ

- રેપ ક્રાઈસિસ – જાતિય હિંસાનો ભોગ બનેલી વ્યક્તિને ટેકો આપવો
- સલામત જીવનો બ્લોગ - મિત્રો અને કુટુંબીનો માટે સલાહ [ઘરેલૂ અત્યાચાર]
- સલામત જીવનો પોડકાસ્ટ - મિત્રો અને કુટુંબીજનો કેવી રીતે મદદ કરી શકે? [ઘરેલૂ અત્યાચાર]
- વિમેન્સ એઈડ - ઘરેલૂ અત્યાચાર, અને જબરજસ્તીથી રખાતા નિયંત્રણોની નિશાનીઓ કેવી રીતે પકડી પાડવી
- વિમેન્સ એઈડની સર્વાઈવરો માટેની હેન્ડબુક – બીજા કોઈ માટે ચિંતિત હોવું [ઘરેલૂ અત્યાચાર]
- કર્મા નિર્વાનાના જબરજસ્તીથી કરાવવામાં આવતાં લગ્નો અને કહેવાતા 'માન'ને કારણે કરવામાં આવતા અત્યાચાર વિશે અવારનવાર પૂછવામાં આવતા પ્રશ્નો
- માનવ હેરફેર અને આધુનિક જમાનાની ગુલામીની નિશાનીઓ પકડી પાડવી
- આર્થિક અત્યાચારમાંથી બચવું - કોરોનાવાઈરસના ફેલાવા દરમ્યાન આર્થિક અત્યાચારની નિશાનીઓ ઓળખવી - મિત્રો, કુટુંબીજનો અને સાથી કર્મચારીઓ માટે.
- **જે LGB અને/અથવા T+ લોકો કદાચ અત્યાચારી સંબંધોમાં હોય તેમનાં મિત્રો/કુટુંબીજનો માટે સલાહ**
- **જે LGB અને/અથવા T+ લોકો અત્યાચાર કરનારાં/કાબૂ રાખનારાં જીવનસાથી હોય તે લોકોનાં મિત્રો/કુટુંબીજનો માટે સલાહ**

---

## જાગૃતિ ફેલાવો

સમાજ તરીકે આપણે અત્યાચારને લગતું મૌન તોડવામાં મદદ કરી શકીએ છીએ. આપણે એ સ્પષ્ટ સંદેશો મોકલવો જ રહ્યો કે, અત્યાચાર કરવા માટે કોઈ જ બહાનું નથી, તેમજ તેનો ભોગ બનનારાં લોકો એકલાં નથી.

### ઉપલબ્ધ સહાયતા વિશેની માહિતી ફેલાવોઃ

તમે એ ખાતરી કરવામાં મદદ કરી શકો છો કે સર્વાઈવરોને જાણ હોય કે નેશનલ હેલ્પલાઈનો, ઓનલાઈન ટેકો તેમજ સ્થાનિક સહાયતા હજુ પણ મળી શકે છે.

સેવાઓ વિશેની માહિતી તમે તમારા સોશિયલ મીડીયા પર પોસ્ટ કરીને, તમારી બારીઓ પર લગાવીને તેમજ જાહેર સ્થળોમાં અને અન્ય નજરે પડે તેવાં સ્થળો પર લગાવીને જાગૃતિ ફેલાવી શકો છો. જો તમે બીજી ભાષાઓ બોલતાં હો તો આ માહિતી તમે તે ભાષાઓમાં પણ લોકોને આપી શકો છો અને સર્વાઈવરોને જાણ કરી

શકો છો કે નેશનલ હેલ્પલાઈનો દુભાષિયાની સેવાઓ પૂરી પાડી શકે છે. મળી શકતી સહાયતા વિશે વધારે માહિતી માટે, કૃપા કરીને અહીં ક્લિક કરો અને સરકારી માર્ગદર્શિકા માટે, અહીં ક્લિક કરો.

## મૌન તોડો

તમે માહિતી તેમજ સંસાધનો વિશે મિત્રો, કુટુંબીજનો, સાથી કર્મચારીઓ તેમજ સામાજિક જૂથો સાથે આપ-લે કરી શકો છો. તમે જન જાગૃતિની ઝૂંબેશો વિશે તમારા સોશિયલ મીડીયા પર પણ જણાવી શકો છો.

## અત્યાચાર - જુલમ કરનારાં માટે કોઈ જ બહાનું નથી

જુલમ કરનારી વ્યક્તિનો સામનો કરતી વખતે ધ્યાન રાખવું જોઈએ કારણ કે તેનાથી ભોગ બનતી વ્યક્તિ પરનું જોખમ વધી શકે છે, અને તમારે તમારી જાતને જોખમમાં ન મૂકવી જોઈએ.
પોતાનાં વર્તનની બીજાં લોકો પરની અસરો વિશે ચિંતિત લોકો માટે પણ મદદ મળી શકે છે. પોતાના વર્તનને સંભાળવામાં મદદ મેળવવા ઈચ્છતી કોઈ પણ વ્યક્તિ માટે રીસ્પેક્ટ દ્વારા એક હેલ્પલાઈન ચલાવવામાં આવે છે. આ હેલ્પલાઈન કોઈના વર્તન વિશે ચિંતિત હોય તેવાં મિત્રો, કુટુંબીજનો, સમાજનાં સભ્યો અને વ્યવસાયિકો માટે પણ ખુલ્લી છે.

- **રીસ્પેક્ટ હેલ્પલાઈન**
  0808 8024040.
  વેબચેટની સેવા પણ ઉપલબ્ધ છે
  વધારે માહિતી તેમની વેબસાઈટ પરથી મળી શકે છે.

---

## ટેકો આપવાની બીજી રીતો

- સ્થાનિક સહાય સેવાઓને દાન કરો.
- તમારી સ્થાનિક ફૂડબેન્કને દાન આપો.
- તમારા એમ.પી. (યુ.કે.માં), એ.એમ. (વેલ્સમાં), એમ.એસ.પી. (સ્કોટલેન્ડમાં) અથવા એમ.એલ.એ.નો (નોર્ધન આયરલેન્ડમાં) સંપર્ક કરો અને કોવિડ 19 સામેના તેમના પ્રતિસાદમાં અત્યાચારનાં સર્વાઈવરોને સરકાર અગ્રતા આપે તેની ખાતરી કરવા માટે તેમને કહો.
  - તમે અહીંથી જાણી શકો છો કે તમારા એમ.પી. કોણ છે, એ.એમ. કોણ છે, એમ.એસ.પી. કોણ છે, એમ.એલ.એ. કોણ છે
  - મહિલાઓના ક્ષેત્રમાંથી પ્રધાન મંત્રીને મોકલવામાં આવેલ ખુલ્લો પત્ર તમે અહીં વાંચી શકો છો.

- લિંગ આધારિત હિંસા વિશે અને તમારા સમાજમાં તમે તેનો કેવી રીતે સામનો કરી શકો તે વિશે વધારે જાણકારી મેળવોઃ
    - ઈ-લર્નિંગ કોર્સઃ
        - સ્ત્રીઓ સામેની હિંસા સમજવી
        - બળાત્કાર અને જાતિય હિંસા
    - જાતિય હિંસા અને અત્યાચાર ઉપર નિષ્ણાત રેપ ક્રાઈસિસ તાલીમ માટે, કૃપા કરીને સંપર્ક કરો training@rapecrisis.org.uk.
    - વિમેન્સ એઈડના 'મને પૂછો' સામાજિક એમ્બેસેડર બનો.
        - ઇંગ્લેન્ડ
        - વેલ્સ
    - વિમેન્સ એઈડની ઝુંબેશના સમર્થક બનો.

---